"મા" અને "મા વાત્સલ્ય" યોજના હેઠળ બિન સરકારી અધ્યક્ષ તથા બિન સરકારી ઉપાધ્યક્ષશ્રીઓનો સમાવેશ કરવા બાબત.

ગુજરાત સરકાર
આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ
ઠરાવ ક્રમાંક: એફપીડબલ્યુ-૧૦૨૦૧૯-૨૧૯-બ.૧
સચિવાલય ગાંધીનગર
તા.૧૮/૦૬/૨૦૧૯

વંચાણે લીધા:-

(૧) આ વિભાગના તા.૧૮/૦૪/૨૦૧૨ ના ઠરાવ ક્ર:એફપીડબલ્યુ- ૧૦૨૦૧૨/૪૭૧/બ.૧
(૨) આ વિભાગના તા.૧૩/૦૮/૨૦૧૪ ના ઠરાવ ક્ર:એફપીડબલ્યુ-૧૦૨૦૧૨/૪૭૧/બ.૧
(૩) આ વિભાગના તા.૨૬/૦૩/૨૦૧૫ ના ઠરાવ ક્ર:એફપીડબલ્યુ-૧૦૨૦૧૨/૪૭૧/બ.૧
(૪) આ વિભાગના તા.૦૧/૦૪/૨૦૧૭ ના ઠરાવ ક્ર:એફપીડબલ્યુ-૧૦૨૦૧૨/૪૭૧/બ.૧
(૫) આ વિભાગના તા.૧૮/૧૦/૨૦૧૭ ના ઠરાવ ક્ર:એફપીડબલ્યુ-૧૦૨૦૧૨/૪૭૧/બ.૧
(૬) નાણા વિભાગના તા.૨૨/૧૨/૨૦૧૬ ના ઠરાવ ક્ર:ખરચ/૧૦૨૦૧૬/૧૨૩૪/ઝ.૧
(૭) મા. અને પ્ર. વિભાગના તા.૩૧/૦૭/૨૦૧૭ના ઠરાવ ક્ર:જનલ-૧૦૨૦૧૭/૮૭૨/બ.૧
(૮) આ વિભાગના તા.૦૪/૧૦/૨૦૧૭ ના ઠરાવ ક્ર:એફપીડબલ્યુ-૧૦૨૦૧૭/૮૭૨/બ.૧
(૯) આ વિભાગના તા.૨૭/૦૩/૨૦૧૮ ના ઠરાવ ક્ર:એફપીડબલ્યુ-૧૦૨૦૧૭/૮૭૨/બ-૧
(૧૦) શ્ર.અને રો.વિ.ના તા.૦૪/૧૨/૨૦૧૫ ના ઠરાવ ક્ર:યુઓએલ-૧૩૨૦૧૫/૨૨૩/મ.૨
(૧૧) આ વિભાગના તા.૦૭/૦૯/૨૦૧૮ ના ઠરાવ ક્ર:એફપીડબલ્યુ-૧૦૨૦૧૮/૮૨૨/બ.૧
(૧૨) આ વિભાગના તા.૨૮/૨/૨૦૧૯ ના ઠરાવ ક્ર:એફપીડબલ્યુ-૧૦૨૦૧૨/૪૭૧ બ-પા-૧/બ.૧
(૧૩) ના.વિ.ના તા.૨૩/૦૪/૨૦૧૮ ના ઠરાવ ક્રમાંક:જનવ/૧૦૨૦૧૪/૪૭૩૯૦૨(૬)/અ
(૧૪) અ.નિ.શ્રી (ત.સે.)ના તા.૧૪/૦૨/૨૦૧૯ની દરખાસ્ત નં. ૧૮/૬૩૯.

આમુખ:-

ઉપર્યુક્ત સંદર્ભ ક્રમાંક: (૧) પરના તા-૧૮/૦૪/૨૦૧૨ ના ઠરાવથી ગુજરાત સરકારે વર્ષ ૨૦૧૨ થી ગરીબ રેખા હેઠળ જીવતા કુટુંબ (પાંચ વ્યક્તિ) ને આર્થિક રીતે ખર્ચાળ એવા ગંભીર રોગોમાં બિમારીઓ માટે કેશલેસ સારવાર મળી રહે અને રાજ્યમાં ગરીબી રેખા હેઠળ જીવતા કુટુંબોને મદદરૂપ થવાના હેતુથી સરકારશ્રીએ મુખ્યમંત્રી અમૃતમ "મા" યોજના અમલી કરેલ છે.

મુખ્યમંત્રી અમૃતમ "મા" યોજનાને રાજ્યમાં મળેલ વ્યાપક આવકારને ધ્યાને લઇ સંદર્ભ ક્રમાંક: (૨) થી (૧૨) ના ઠરાવોમાં "મા વાત્સલ્ય" યોજના અંતર્ગત મધ્યમ વર્ગના પરિવારો આવરી લેવામાં આવેલ, અને મુખ્યમંત્રી અમૃતમ "મા" અને મા વાત્સલ્ય યોજના હેઠળ ગરીબ રેખા હેઠળ જીવતા અને મધ્યમ વર્ગના પરીવારો જેઓ વાર્ષિક ૪.૦૦ લાખ કે તેથી ઓછી આવક ધરાવતા હોય તેવા પરિવારો, રાજ્ય સરકારના વર્ગ-૩ અને વર્ગ-૪ ના તમામ સંવર્ગો પરની જગ્યાઓ ઉપર સીધી ભરતીથી નિમણુંક પામેલ ફિક્સ પગારના કર્મચારીઓ, માંન્યતા પ્રાપ્ત પત્રકારો અને તેમના પરિવારો, ગ્રામ્ય તથા શહેરી વિસ્તારની તમામ આશા બહેનો અને તેમના પરિવારો, યુ-વીન કાર્ડ ધારકો અને તેમના પરિવારો, વાર્ષિક રૂ.૬.૦૦ લાખ કે તેથી ઓછી આવક ધરાવતા કુંટુંબોના સિનિયર સિટીઝનોનો સમાવેશ કરવામાં આવેલ છે. "મા" અને "મા વાત્સલ્ય" યોજનાના લાભાર્થીઓને પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના મુજબ રૂ. ૫ (પાંચ) લાખ સુધીની કેશલેસ સારવાર મળવાપાત્ર છે.

સંદર્ભ ક્રમાંક-(૧૩)ના પરના નાણા વિભાગના ઠરાવની જોગવાઇ અને અધિક નિયામકશ્રી (ત.સે)ની સંદર્ભ ક: (૧૪) પરની દરખાસ્ત અન્વયે "મા" અને "મા વાત્સલ્ય" યોજના હેઠળ રાજ્યના જાહેર સાહસોના બિન સરકારી અધ્યક્ષશ્રીઓ તથા બિન સરકારી ઉપાધ્યક્ષશ્રીઓનો સમાવેશ કરવા અંગેની બાબત સરકારશ્રીની સક્રિય વિચારણા હેઠળ હતી.

ઠ રા વ :-

આથી પુખ્ત વિચારણાને અંતે આ સાથે સામેલ અનુસુચીમાં દર્શાવ્યા મુજબ રાજ્યના ૭૦ (સીતેર) જાહેર સાહસોના બિન સરકારી અધ્યક્ષશ્રીઓ અને બિન સરકારી ઉપાધ્યક્ષશ્રીઓને "મા" અને "મા વાત્સલ્ય" યોજના હેઠળ સમાવેશ કરવાની આથી મંજુરી આપવામાં આવે છે.

આ વિભાગના વખતો વખતના બહાર પાડેલ ઠરાવોની અન્ય શરતો યથાવત રહેશે.

આ હુકમો નાણા વિભાગના તા-૨૩/૦૪/૨૦૧૮ના ઠરાવમાં કરવામાં આવેલ જોગવાઇ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(એ.એ.બાદી)
ઉપ સચિવ
આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ

(૧) માન, મુખ્ય મંત્રીશ્રીના અગ્રસચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.

(૨) માન, મંત્રીશ્રી ના અંગત સચિવશ્રી (આરોગ્ય), સચિવાલય, ગાંધીનગર.

(3) માન, મંત્રીશ્રી અંગત સચિવશ્રી .રા.ક.મંત્રીશ્રી (આરોગ્ય), સચિવાલય, ગાંધીનગર.

(૪) તમામ મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.

(૫) મુખ્ય સચિવશ્રીના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.

(૬) તમામ જાહેર સાહસોના અધ્યક્ષશ્રીઓ (સામેલ અનુસુચી મુજબ)

(૭) કમિશ્નરશ્રી, આરોગ્ય તબીબી સેવાઓ અને તબીબી શિક્ષણની કચેરી, ૫,જીવરાજ મહેતા ભવન,ગાંધીનગર.

(૮) અધિક નિયામકશ્રી (પ.ક.//ત.સે./ત.શિ.કમિશ્નરશ્રી (, આરોગ્યની કચેરી, ૫, ડૉ જીવરાજ મહેતા ભવન.

(૯) અધિક નિયામકશ્રી)ત.સેકમિશ્નરશ્રી (, આરોગ્યની કચેરી, ૫, ડૉ જીવરાજ મહેતા ભવન,

(૧૦) નાણાં સલાહકારશ્રી, આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

(૧૧) નાણાં વિભાગ, બજેટ શાખા, સચિવાલય, ગાંધીનગર.

(૧૨) એકાઉન્ટન્ટ જનરલશ્રી રાજકોટ અમદાવાદ/

(૧૩) પગાર અને હિસાબી અધિકારીશ્રી અમદાવાદ /ગાંધીનગર .

(૧૪) સર્વે વિભાગીય નાયબ નિયામકશ્રીઓ આરોગ્ય અને તબીબી સેવાઓ

(૧૫) જિલ્લા કલેક્ટરશ્રીઓ (તમામ)

(૧૬) જિલ્લા વિકાસ અધિકારીશ્રી (તમામ)

(૧૭) મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી (તમામ)

(૧૮) જિલ્લા તિજોરી અધિકારીશ્રી (તમામ)

(૧૯) આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગની સર્વે શાખાઓ

(૨૦) સીસ્ટમ મેનેજર આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ સચિવાલય, ગાંધીનગર તરફ વેબ સાઇટ ઉપર અપલોડ કરવાની વિનંતી સાથે

(૨૧) સિલેક્ટ ફાઇલ - ૨૦૧૯.